દાદા ભગવાન પરિવારનું

એપ્રિલ ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



## આપણો અરીસો

# સંપાદકીય

બાળમિત્રો,

ભગવાનની દયાથી ક્યારેક જો આપણને મન થયું કે મારે સુધરવું છે, તો આપણે પોતાની એક એક ભૂલમાંથી નીકળવું પડે.

પણ પ્રશ્ન એ છે કે પોતાની ભૂલો શોધવી કેવી રીતે? શું એ કંઈ સહેલું છે?

હા, સહેલું છે.

આ અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રીએ એનો સહેલામાં સહેલો રસ્તો દેખાડ્યો છે. તો આ અંક જરૂરથી વાંચજો અને પોતાની દરેક ભૂલોમાંથી નીકળી ચોખ્ખાચટ્ટ થઈ જાઓ એ જ ભાવના....

-ડિમ્પલ મહેતા





અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૧, અંક : ૮
સળંગ અંક : ૧૨૮
એપ્રિલ ૨૦૧૯



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.




© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...





**પ્રશ્નકર્તા :** પોતાના દોષો જડે કેવી રીતે જડે ?

**પૂજ્યશ્રી :** બીજાના દોષો (ભૂલો) દેખાય ખરા ?

**પ્રશ્નકર્તા :** હા, દેખાય.

**પૂજ્યશ્રી :** કોઈના દોષો દેખાય, એ આપણામાં ક્યાં ક્યાં છે, તે ચેક કરવાના. કોઈ જૂઠું બોલતો હોય, ને આપણને નથી ગમતું તો ચેક કરો કે આપણે ક્યાં જૂઠું બોલ્યા છીએ અત્યાર સુધી? એટલે આ બેસ્ટ અવસર છે પોતાના દોષો જોવા માટે. પછી એ જોતાંની સાથે દેખાય કે એ બિચારો તો એક વખત બોલ્યો હશે, મેં તો દસ વખત કર્યું છે. સારું, ચાલો, આપણે ધુઓ આપણું. એટલે આ પોતાના દોષ જોવાની એક નવી તરકીબ આપણને મળે છે. એના પ્રતિક્રમણ કરો. ભવિષ્યમાં ક્યારેય નથી બોલવું એવું નક્કી કરો.

કોઈ માટે થાય કે આ તો વાતે વાતે ધાર્યું જ કરે છે. તો આપણે કોઈ દહાડો ધાર્યું કર્યું છે ? જુઓ. કોઈ માટે થાય કે આ તો કેવો મોહી માણસ છે. તો યાદ કરો, આપણે મોહ કરેલા છે કોઈ દહાડો ? આ ભાઈ તો સ્વભાવથી જ આકરો. બહુ ગુસ્સાવાળો છે કહેશે. તો આપણે કોઈ દહાડો ગુસ્સો કર્યો છે ?

જેટલા દોષો બીજાના દેખાતા હોય ને, એટલા દોષો આપણામાં હોય જ. ભલે બે ટકા હોય, બાર ટકા હોય, કે ૮૦ ટકા હોય. પણ હશે તો ખરાં જ. કારણકે નિયમ કેવો છે કે પોતે દોષવાળો હોય તો જ એને બીજાનામાં એ દોષ દેખાય. પોતે નિર્દોષ થયેલો હોય તો એને નિર્દોષ જ દેખાય.

આ તો સામાના દોષો જોયા કરીએ છીએ અને એના જેવા જ દોષો આપણામાં ઢગલેબંધ પડ્યા છે. એ સાફ કરવાના રહી જાય છે. પોતાના દોષો જોવાનું શરૂ કરશું ત્યારે પછી પોતાના દોષો જોવામાંથી નવરા જ નહીં પડીએ. પછી કોઈના દોષો જોવાનો ટાઈમ જ નહીં હોય. એટલે આ મોટું કામ બાકી રહી જાય છે.



૦૧

આપણા દોષો જગતને દોષિત દેખાડે છે. આપણા દોષો જેમ જેમ ખલાસ થશે, તેમ તેમ જગત નિર્દોષ દેખાશે.



03

આ બહુ મોટી માનવતા કહેવાય કે આપણને નથી ગમતું, એવો વ્યવહાર બીજા સાથે ન કરવો.

# આ તો નવી જ વાત !

અરીસો કેટલો ક્મિંતી ! હું કેવો દેખાઉં છું એ મને જોવા મળે છે. જો આપણા વાળ પર કંઈક ક્ચરો હોય કે વાળની ચોટી ઊંચી રહી ગઈ હોય તો અરીસો દેખાડે. પછી આપણે પાણી લગાડીને બેસાડી દઈએ. આમ ચોખ્ખા થવા માટે અરીસો ઉપકારી હોય છે. અરીસો આપણને ભૂલવાળામાંથી ભૂલ વગરના બનાવે છે. એ જ રીતે લોકો આપણો અરીસો છે.

૦૨



સામાનો દોષ દેખાતા હોય, તો પ્રાર્થના કરો, હે શુદ્ધાત્મા ભગવાન, ભાઈને પોતાનો દોષ દેખાય, એ છૂટે એવી કૃપા કરજો.

૦૪



# ગહન પ્રશ્ન

"કેમ છો આન્ટી ? હું હીના બોલું. સાનવી છે ?" હીનાએ પૂછ્યું.

"હીના બેટા, તારો મીઠો અવાજ તો હું ઓળખી જ જઉં ને તારે ઓળખાણ આપવાની શી જરૂર ! ફોન ચાલુ રાખ. હું સાનવીને બોલાવી લાવું," કહી, રીટાબેહેને સાનવીની રૂમમાં જઈને ડોકિયું કર્યું.

આખી રૂમમાં કપડાનો પથારો પડ્યો હતો. સાનવી અરીસા સામે બે ડ્રેસ લઈને ઊભી હતી,

"આ...કે પછી... આ," અરીસામાં જોઈ, એ જાત સાથે જ વાતો કરી રહી હતી.

"સાનવી, હીનાનો ફોન છે," રીટાબહેને ધીમા અવાજે કહ્યું.

"ઓફફો મમ્મી ! અત્યારે ટાઈમ નથી," સાનવીએ અકળાઈને કહ્યું. "પ્લીઝ, ટેલ હર ધેટ આઈ વિલ કોલ બેક."

"સાનવી, ખબર છે ને કે એ ત્રીજીવાર ફોન કરી રહી છે." રીટાબહેને સાનવીને યાદ કરાવ્યું.

"યસ, યસ, યસ...આઈ નો, મમ્મી ! હું એને ફોન કરી લઈશ." મમ્મી સામે જોયા વગર જ સાનવીએ જવાબ આપ્યો. "તને ખબર છે ને આજે રોશનીની બર્થ ડે પાર્ટી છે અને આઈ વોન્ટ ટુ લુક માય બેસ્ટ." વાત એ મમ્મી સાથે કરી રહી હતી પણ નજર એની અરીસા સામે ટકેલી હતી.

સાનવીનું ધ્યાન દોરવું મુશ્કેલ હતું. એટલે રીટાબહેને એની સાથે વધુ આર્ગ્યુમેન્ટ ન કરી.

પંદરેક ડ્રેસીસ ટ્રાય કર્યા પછી, "ફાઈનલી !" સાનવી અરીસા સામે જોઈને બોલી, "નાઉ આઈ થીંક આઈ લુક ગુડ !"

આખા રસ્તે સાનવી, પાર્ટીની કલ્પનાઓમાં ખોવાયેલી રહી.

બહેન, કઈ બાજુ ?" રીક્ષાવાળાએ સાનવીને



એના વિચારોમાંથી બહાર કાઢી.

"બસ, બસ, અહીંયા સાઈડમાં ઊભી રાખો." સાનવીએ ફટાફટ રિક્ષાવાળાને પૈસા ચૂકવ્યા અને રોશનીના ઘરની ડોરબેલ વગાડી.

"હાય આન્ટી ! વ્હેર ઈઝ ધ બર્થડે ગર્લ ?" સાનવીનો ઉત્સાહ કદાચ રોશની કરતાં પણ વધુ હતો.

આન્ટી જવાબ આપે એ પહેલાં તો સાનવી રોશની પાસે દોડી ગઈ, "હેપ્પી બર્થ ડે ટુ યુ, માય લવલી !" સાનવી રોશનીને વળગી પડી.

"થેંક યુ," રોશનીએ એકદમ ફિક્કો જવાબ આપ્યો.

"વ્હોટ હેપન્ડ ? તું આટલી ડાઉન કેમ છે ?" રોશનીનો ફિક્કો જવાબ સાંભળીને સાનવી મૂંઝાઈ ગઈ.

"અરે, કંઈ નહીં યાર. એ તો છે ને," રોશનીની નજર સોમ્યા પર ગઈ અને વાક્ય અધૂરું મૂકીને જ એ દોડી.

"હાય સોમ્યા, આઈ એમ વેરી હેપ્પી કે તું આવી ગઈ. કોઈએ મને કહ્યું કે તું નહીં આવી શકે. અને હું અપસેટ થઈ ગઈ હતી," સોમ્યાને જોઈને રોશનીની આંખોમાં ચમક આવી ગઈ હતી.

"મેરી દોસ્ત કી પાર્ટી હો, ઔર મેં ન આઉં !," સોમ્યા સ્ટાઈલમાં બોલી.

સાનવીએ દૂરથી રોશની અને સોમ્યાની મસ્તી જોઈ અને એના દિલમાં ખૂંચ્યું, "મને જોઈને તો રોશની ખુશ નહોતી થઈ."

જેમ તેમ કરીને, સાનવીએ પોતાનો મૂડ સરખો કર્યો અને રોશની-સોમ્યાની મસ્તીમાં જોડાવા ગઈ. એ બેઉને હસતાં જોઈ સાનવીએ સહજતાથી પૂછ્યું, "વ્હોટ ઈઝ ધ જોક ?"

"ફરગેટ ઈટ ! તને નહીં સમજાય." રોશની બોલી અને ફરી હસી પડી.

સાનવીના દિલને ભયંકર ઠેસ વાગી, "સોમ્યા આવી ગઈ એટલે રોશની મને એની વાતોમાં સામેલ પણ નહીં કરે ?" નેગેટીવ વિચારોથી એનું મન ઘેરાઈ ગયું. પહેલી વાર એ આટલી ભીડમાં પણ એકલતા અનુભવી રહી હતી. જે પાર્ટીમાં આવવા માટે એનો ઉત્સાહ સમાઈ નહોતો રહ્યો, એ જ પાર્ટીમાંથી નીકળવા માટે એ તત્પર બની ગઈ.

ઘરે આવીને એણે પર્સ ટેબલ પર ફેંક્યું અને એના રૂમમાં દોડી ગઈ. થોડીવાર રહીને,
રીટાબહેન એની પાસે ગયા.

"શું થયું સાનવી ? તું ઓલરાઈટ છે ને ?"

"મમ્મી, રોશની એક નંબરની મતલબી અને ઘમંડી છે!! મારું કામ હતું ત્યારે મારી સાથે ફ્રેન્ડશીપ રાખી અને હવે સોમ્યા મળી ગઈ તો મને સાવ ભૂલી ગઈ. શી ડઝન્ટ કેર ફોર મી. હું એની બર્થ-ડે માટે કેટલી એક્સાઈટેડ હતી. પણ પાર્ટીમાં હું એના માટે સાવ ઈન્વિઝિબલ હતી." બોલતાં બોલતાં સાનવીની આંખમાંથી આંસુ પડવા લાગ્યા.

"ઓહ ડીયર !! રડ નહીં દીકરા" રીટાબહેને સાનવીના આંસુ લૂછ્યા. "ચાલ, હું તને એક કોમેડી કહું. આજે પમ્મી આંટીનો ફોન આવ્યો હતો."

પમ્મી આંટી એમના રમૂજી પ્રસંગો માટે ફેમસ હતા. એટલે એમનું નામ સાંભળતાં જ

**"વ્હોટ હેપન્ડ ? તું આટલી ડાઉન કેમ છે ?" રોશનીનો ફિક્કો જવાબ સાંભળીને સાનવી મૂંઝાઈ ગઈ.**

સાનવીની ઉદાસી અચાનક ગાયબ થઈ ગઈ.

"પમ્મી આંટીને લાગતું હતું કે રાજીવ અંકલને બરાબર સંભળાતું નથી. પણ એમને ખાતરી નહોતી. એટલે એમને થયું કે એ રાજીવ અંકલની ટેસ્ટ લે. ગયા શનિવારે એમના ઘરે રાજીવ અંકલના ફ્રેન્ડઝ આવવાના હતા. પમ્મી આંટીને થયું કે એ રાજીવ અંકલને એક પ્રશ્ન પૂછે. પહેલાં લગભગ ૪૦ ફીટ દૂર ઊભા રહીને, પછી ૩૦ ફીટ, ૨૦ ફીટ...અને પછી એમને ખબર પડી જશે કે રાજીવ અંકલને બરાબર સંભળાય છે કે નહીં."

બોલતાં બોલતાં રીટાબહેન થોડું હસી

પડ્યા. સાનવીને તો વાતની ખબર નહોતી એટલે ચહેરા પર કોઈ હાવભાવ વગર એ વાત સાંભળી રહી હતી.

૪૦ ફીટ દૂર ઊભા રહીને પમ્મી આન્ટીએ પૂછ્યું, રાજીવ, તમારા ફ્રેન્ડ્સ કેટલા વાગે આવવાના છે ?" કોઈ રિસ્પોન્સ નહોતો.

પછી ૩૦ ફીટની દૂરી પર પમ્મી આન્ટીએ ફરી એ જ પ્રશ્ન પૂછ્યો. ફરી કોઈ રિસ્પોન્સ નહીં.

૨૦ ફીટ, ૧૦ ફીટ...પણ કોઈ રિસ્પોન્સ ના મળ્યો. છેલ્લે એકદમ નજીક જઈને પમ્મી આન્ટીએ પૂછ્યું, "રાજીવ, તમારા ફ્રેન્ડ્સ કેટલા વાગે આવવાના છે. ?"

રાજીવ અંકલે અકળાઈને કહ્યું, "ઓહ પમ્મી, પાંચમી વાર કહું છું. સાત વાગે આવવાના છે. સાત !!"

સાનવી અને રીટાબહેન ખડખડાટ હસી પડ્યા.

"સાનવી, બીજાના ફોલ્ટ (દોષ) જોવામાં આપણે એટલા એક્સપર્ટ છીએ કે એ જ ફોલ્ટ આપણને આપણામાં દેખાતો નથી." રીટાબહેને પમ્મી આંટીના રમુજી પ્રસંગનો ખરો સાર કહ્યો.

અને પછી ગંભીરતાથી કહ્યું, "બેટા, આ અરીસો આપણને બહારથી ચોખ્ખા દેખાવામાં હેલ્પ કરે. પણ જો અંદરથી ચોખ્ખા થવું હોય તો જેનો દોષ દેખાય, એને આપણો અરીસો બનાવી દેવાનો. એનો જે દોષ દેખાય છે, એ આપણામાં ચેક કરવાનો અને સાફ કરવાનો. રોશનીના જે દોષ તને દેખાય છે, એવા દોષ શું તેં તારી લાઈફમાં નથી કર્યા ?"


આ ગહન પ્રશ્ન સાનવીના મનમાં રોપી, રીટાબહેન પોતાના કામે પાછા વળગ્યા.

સાનવી મમ્મીનો ઈશારો સમજી ગઈ. હીનાનો હસતો ચહેરો એની આંખો સામે તરી આવ્યો અને એને જબરદસ્ત પસ્તાવો થયો. જે દુઃખની લાગણીઓ એણે આજે અનુભવી, એવું દુઃખ એ હીનાને કેટલીય વાર આપી ચૂકી હતી. પોતાના દોષ પર દ્રષ્ટિ પડતાં, રોશની પ્રત્યેની નેગેટીવીટીની આગ ઓલવાઈ ગઈ. અંદરથી જાણે એક અવાજ આવ્યો, "જે દોષ તું લઈને ફરે છે, એ દોષ બીજામાં જોવાનો તને શું અધિકાર છે ?"

બીજી જ મિનિટે સાનવીએ ફોન ઉઠાવ્યો અને હીનાનો નંબર ડાયલ કર્યો.



# કળા મંદિર



પલ્લવી, આપણે સ્વ.દેશપાંડે સાહેબની શિલ્પકળા ઉપર વિશેષ અંક બહાર પાડવાના છીએ. સોલાપુરમાં એમનું કળા મંદિર વિઝીટ કરી, એમની દીકરીનો ઈન્ટરવ્યુ લઈને આર્ટીકલ રેડી કરી નાખજે.
મેડમ...હું તો "હુસૈન પ્રોજેક્ટ" પર કામ કરું છું.
હુસૈન પ્રોજેક્ટ મેં બીજાને આપી દીધો છે.
વ્હોટ ? પણ મને એ પ્રોજેક્ટ પર કામ કરવું છે.
તું જઈ શકે છે.
હુકમ જ કરતાં આવડે છે. મારી મરજી તો પૂછવી જોઈએ ને !
શું થયું પલ્લુ ? ચલ, કોફી બ્રેક લઈએ.
પલ્લવીની ઓફીસ કેબીનમાં,
તમને કેટલી વાર કહ્યું ધનજીભાઈ કે મારી કોફી સ્ટ્રોંગ હોવી જોઈએ. લઈ જાઓ આ પાછી અને ફટાફટ બીજી સ્ટ્રોંગ કોફી લઈ આવો.


પલ્લુ, તું પણ મેડમની જેમ ઓર્ડર જ ફેંકે છે. ધનજીભાઈને દુ:ખ નહીં થતું હોય ?
નેહલ પ્લીઝ. તારી લેકચરબાજી સાંભળવાનો કોઈ મૂડ નથી.
થોડા દિવસ બાદ, સ્વ. દેશપાંડે સાહેબના કળા મંદિરે,
આવો પલ્લવીબેન. આવતાં કંઈ તકલીફ તો નથી પડી ને ?
ના, ના. જરા પણ નહીં.
સુધાબેન પલ્લવીને એક હોલમાં લઈ ગયા. (જ્યાં શિલ્પ હોય)
વાહ, પથ્થરમાંથી કેટલું બધું સૌંદર્ય પ્રગટ થઈ શકે. એક શિલ્પ બનાવતાં કેટલા દિવસ લાગે ?
ક્યારેક આઠ-દસ દિવસ તો ક્યારેક બે-ત્રણ મહિના.
જો તમને યોગ્ય લાગે તો એક પ્રશ્નનો ખુલાસો કરશો ? દેશપાંડે સાહેબ પાંચ વર્ષ સુધી ગાયબ થઈ ગયા હતા. શું થયું હતું આ પાંચ વર્ષ દરમ્યાન ?
તે અરસા દરમ્યાન અનિરુદ્ધ બક્ષી નામના એક ઉભરતા યુવા કલાકારની કળા ક્ષેત્રમાં ખૂબ પ્રશંસા થઈ રહી હતી.



ક્યાંક કોઈ ખૂણે, અનિરુદ્ધ પ્રત્યે પપ્પાને ઈર્ષા ઊભી થઈ. તેઓ પોતાની ઈર્ષાથી અજાણ હતા. જ્યારે મિત્રો અનિરુદ્ધના કામની પ્રશંસા કરતા, ત્યારે પપ્પા એમની ભૂલ કાઢતા.
અનિરુદ્ધની ભૂલો જોવાની એવી ધૂન સવાર થઈ કે પપ્પાનું કામ વિકૃત બનતું ગયું. અને એક દિવસ તેઓ ભાંગી પડ્યા. પાંચ વર્ષ બાદ તેઓ કળા મંદિર પાછા ફર્યા.
સુધાબેન પલ્લવીને એક ઓરડીમાં લઈ ગયા.
આ છે એક જ પથ્થરમાંથી પપ્પાના હસ્તે બનાવેલું સૌથી વિકૃત શિલ્પ અને પાંચ વર્ષ બાદ એમના જ હસ્તે બનાવેલું સૌથી ઉત્કૃષ્ટ શિલ્પ.
આ શું ?
છે તો બેઉ કાચ જ ને ? પપ્પાએ એમના જ અક્ષરોમાં આ ગોઠવણીનું પ્રયોજન દર્શાવ્યું છે.
જ્યારે દ્રષ્ટિ બહાર રાખી કાચમાંથી બીજાના દોષ જોયા, ત્યારે મૂર્તિ વિકૃત બની. પણ જ્યારે દ્રષ્ટિ અંતર્મુખ કરી, અરીસામાં પોતાના દોષ જોયા, ત્યારે મૂર્તિ સુંદર બની.


માઈકલ એન્જેલોએ કહેલી એક વાત પપ્પાને બહુ પસંદ હતી. એમણે કહેલું કે દરેક પથ્થરમાં શિલ્પ હોય છે જ. અમે માત્ર અનાવશ્યક નકામો ભાગ કાઢી નાખીએ છીએ.
પાંચ વર્ષ મંથન કર્યા બાદ, પોતાના દોષો જોઈ, નકામો ભાગ કાઢી, પપ્પાએ ખુદની જ મૂર્તિને સાકાર બનાવી.
અદ્‌ભુત. થેન્ક યુ સો મચ સુધાબેન. હું તમને આ વિશેષાંકની કોપી ચોક્કસ મોકલાવીશ.
થોડા વધુ પ્રશ્નો પૂછી, ફોટોગ્રાફ્સ લઈ પલ્લવીએ સુધાબેનની રજા લીધી.
પલ્લવી, દેશપાંડે સાહેબનો આર્ટીકલ આજ રાત સુધી મને ઈ-મેલ થઈ જવો જોઈએ.
ઓ.કે. મેડમ.
હુકમસિંહ !
પલ્લવીએ કોફીનો ઘૂંટડો લીધો. અકળાઈને ધનજીભાઈને બીજી કોફી લાવવાનું કહેવા જતી જ હતી, ત્યાં તો ટેબલ પર પડેલા અરીસામાં પોતાનું બગડેલું મોઢું જોયું.
જો મેડમ હુકમસિંહ છે, તો તું શું છે ? અને એ શાંતિથી ઘૂંટડો ગળી ગઈ.


# ચાલો રમીએ...







## ૦૧

આપેલા ૪ ડીઝાઈનમાંથી કઈ અલગ છે? તે શોધો.










## ૦૨

બાજુમાં મૂકેલા બોક્સમાં પ્રશ્નચિન્હમાં ક્યો નંબર આવવો જોઈએ ?

# ઐતિહાસિક ગૌરવગાથા

પ્રતિષ્ઠાપુર નામનું નગર હતું. ત્યાંના રાજાનું નામ હતું મકરધ્વજ અને રાણીનું નામ હતું મદનસેના. તેમનો એક જ કુમાર. તેનું નામ પાડેલું મદનબ્રહ્મ.



મદનબ્રહ્મ એટલે રૂપરૂપનો અંબાર ! શૌર્ય, ધૈર્ય અને સૌંદર્યની મૂર્તિ ! જ્યારે એ યુવાન થયો ત્યારે રાજા મકરધ્વજે ૩૨ રાજકુમારીઓ સાથે મદનબ્રહ્મનાં લગ્ન કર્યાં. મદનબ્રહ્મ પોતાની રાણીઓ સાથે સુખથી દિવસો પસાર કરવા લાગ્યો.

એક દિવસ પ્રતિષ્ઠાપુરના બાહ્ય ઉદ્યાનમાં એક મહામુનિ પધાર્યા. એ સમાચાર મળતાં રાજકુમાર પોતાની ૩૨ પત્નીઓ સાથે મુનિરાજના દર્શન કરવા ગયો. મુનિરાજનાં દર્શન કરતાં જ એના હૃદયમાં આનંદ-આનંદ થઈ ગયો. મુનિરાજને વંદના કરી, વિનયથી એ એમની સામે બેઠો. મુનિરાજે ધર્મોપદેશ આપ્યો. રાજકુમારની જ્ઞાનદ્રષ્ટિ ખૂલી ગઈ. તે મહેલે આવ્યો.

રાજા-રાણીને વિનયથી કહ્યું : 'હવે હું સંસારમાં નહીં રહી શકું. મારું મન વિરક્ત બન્યું છે. હું સર્વસ્વનો ત્યાગ કરી સંયમધર્મ સ્વીકારવા ઈચ્છું છું. મને અનુમતિ આપો.'

દુ:ખી મને માતા પિતાએ અનુમતિ આપી. મદનબ્રહ્મકુમાર મદનબ્રહ્મ મુનિ બની ગયા.

ગુરુચરણોમાં રહી જ્ઞાન પ્રાપ્ત કર્યું. તપ કર્યું. ઉપસર્ગો-પરિષહોને સહન કરવાની શક્તિ કેળવી. ગુરુદેવે મદનબ્રહ્મ મુનિને એકલા વિચરવાની આજ્ઞા આપી.

ગુરુએ અનુમતિ આપી. મદનબ્રહ્મ મુનિ વિચરતા-વિચરતા ત્રંબાવતી નગરીમાં પહોંચ્યા. મધ્યાહન કાળ હતો. મુનિરાજ ગોચરી લેવા માટે નગરમાં ફરવા લાગ્યા.

એક હવેલીની બારીમાં એક યૌવના ઊભી હતી. તેણે મુનિરાજને જોયા. યુવાન અને રૂપવાન મુનિરાજને જોઈ એ એમના પર મોહી પડી. શ્રીમંત ઘરની સ્ત્રી હતી, પતિ પરદેશ હતો. ઘરમાં એ અને એની દાસી બે જ હતા. તરત જ દાસીને મુનિરાજ પાસે મોકલી ભિક્ષા માટે હવેલીમાં બોલાવ્યા.

દાસી વિનયથી મુનિને હવેલીમાં લઈ આવી. યુવાન શેઠાણી શણગાર સજીને દ્વારે ઊભી હતી. એણે મુનિરાજ સામે મોદક

ધરી કહ્યું, મુનિરાજ, આ મોદક ગ્રહણ કરો. પછી હું તમને ઉત્તમ વસ્ત્રો આપું છું એ પહેરી મારા શયનખંડમાં પધારો. આપની પત્ની તરીકે મારો સ્વીકાર કરો.

મુનિરાજે એ વાતનો અસ્વીકાર કરતાં શેઠાણી એમને ભેટી પડી. દાસીએ તરત એક ઝાંઝર મુનિના એક પગમાં પહેરાવી દીધું જેથી મુનિ બહાર ન જઈ શકે. પરંતુ મુનિ શેઠાણીને ધક્કો મારીને ઝાંઝર કાઢવા રોકાયા વિના હવેલીની બહાર દોડી ગયા.

શેઠાણીએ મુનિને બદનામ કરવા બૂમાબૂમ કરી મૂકી. લોકોએ મુનિનાં પગમાં ઝાંઝર જોઈ અને શેઠાણીની વાત સાંભળી મુનિની ખૂબ નિંદા કરવા માંડી.

પરંતુ સામે જ રાજમહેલ હતો. રાજમહેલના ઝરૂખામાં રાજા બેઠેલો હતો.

રાજાએ વિચાર્યું, 'મારા નગરમાં નિર્દોષ મુનિની સતામણી ન થવી જોઈએ.' રાજા રાજમાર્ગ પર આવ્યો. લોકોને સાચી વાત જણાવી. લોકોએ મુનિરાજની પ્રશંસા કરવા માંડી.

રાજાએ પેલી શેઠાણીને પોતાના રાજ્યમાંથી કાઢી મૂકી. એનાં હાટ-હવેલી રાજાએ લઈ લીધાં.

મદનબ્રહ્મ મુનિ હવે ઝાંઝરીયા મુનિ તરીકે ઓળખાવા લાગ્યા.

તેઓ વિહાર કરી કંચનપુરમાં પધાર્યા. કંચનપુરના રાજમાર્ગ પર જ રાજમહેલ હતો. રાજમહેલના ઝરૂખામાં રાજા-રાણી બેઠાં બેઠાં નગરચર્યા જોઈ રહ્યાં હતાં અને વાર્તાલાપ કરી રહ્યાં હતાં. ત્યાં બંનેની નજર મુનિ પર પડી.

રાણીની આંખોમાંથી આંસુ ટપકવા માંડ્યાં. રાજાને આશ્ચર્ય થયું, 'આ સાધુને જોઈ રાણી કેમ રડવા લાગી ? સાધુ યુવાન છે, રૂપવાન છે. શું પૂર્વાવસ્થામાં રાણીનો પ્રેમ તો નહીં હોય ? સાધુવેશમાં એ રાણીને મળવા તો આ નગરમાં નહીં આવ્યો હોય ? એ રાણીને મળે, એ પહેલાં એને પરલોકમાં પહોંચાડી દઉં.'

રાજા કંઈ જ બોલ્યા વિના ત્યાંથી ઊઠીને ઘોડા પર બેસી નગરની બહાર ઉદ્યાનમાં ગયો. ઉદ્યાનના માણસો પાસે એક ઊંડો ખાડો ખોદાવડાવ્યો. સૈનિકોને કહ્યું, 'એ મુનિને મારતાં મારતાં અહીં લઈ આવો. એ સાધુ નથી, પાખંડી છે.'

સૈનિકો મુનિવરને ઉદ્યાનમાં લઈ આવ્યા. રાજાએ ભયંકર ક્રોધથી મુનિને કહ્યું, 'રે પાખંડી, આ ખાડામાં ઊભો રહી જા. તારા ભગવાનને યાદ કરી લે. આજે તારો અંત છે.' મુનિ ખાડામાં ઊભા રહી ગયા.

મુનિ બધા જીવોને ખમાવી આત્મામાં લીન થઈ ગયા.

રાજાએ તીવ્ર ક્રોધમાં અંધ બની મુનિરાજના ગળા પર તલવારનો પ્રહાર કરી દીધો. એ જ ક્ષણે મુનિ કેવળજ્ઞાની બની મોક્ષગામી બની ગયા.

મુનિરાજનું રજોહરણ, કંબલ, વસ્ત્રો બધું લોહીથી લથપથ થઈ ગયું. એટલામાં સમડી આકાશમાંથી ચીલઝડપે નીચે આવી. માંસનો લોચો સમજીને તેણે રજોહરણને પોતાની ચાંચમાં લીધું અને આકાશમાં ઊડી...પરંતુ વજન વધારે હોવાથી રજોહરણ સમડીની ચાંચમાંથી નીચે પડી ગયું.

નીચે રાજમહેલ હતો. અગાસીમાં રજોહરણ પડ્યું. રાણીએ ભાઈ-મુનિના રજોહરણને જોયું.સેવકો દ્વારા, મુનિરાજની રાજાએ કરેલી હત્યાની વાત જાણી, રાણીએ છાતીફાટ રુદન કર્યું. અનશન (આજીવન ઉપવાસ) કરી લીધું.

રાજાએ પૂછ્યું, 'અનશન કેમ કર્યું ?'

'તમે મારા સગા ભાઈ મદનબ્રહ્મ મુનિની હત્યા કરી નાંખી... ઘોર અનર્થ કરી દીધો. ધિક્કાર હો આ સંસારને અને સંસારના સુખોને.'

રાણીની વાત સાંભળી રાજા ધ્રૂજી ગયો, બોલ્યો, 'શું મુનિ તારા ભાઈ હતા ? મદનબ્રહ્મ હતા ? અહો, મેં ખૂબ અવિચારી કામ કર્યું. મેં મુનિની હત્યા કરી નરકે જવાનું નક્કી કર્યું..કેવી ભયંકર ભૂલ થઈ ગઈ ?' એમ ખૂબ પ્રાયશ્ચિત કરવા લાગ્યા.

પ્રાયશ્ચિત કરતાં કરતાં રાજાના કર્મો પણ નાશ પામ્યા અને કેવળજ્ઞાન પ્રગટ થયું.

થોડા જ સમય પહેલાનો ઋષિનો હત્યારો કેવળજ્ઞાની બની ગયો.

# જીવંત ઉદાહરણ

લગભગ ૮૦૦ વર્ષ પહેલાં, શેખ સાદી નામના એક મોટા તત્વચિંતક થઈ ગયા. તેઓ જ્યારે નાના હતા ત્યારે એમના પિતાજી એમને પ્રથમવાર મસ્જિદમાં નમાઝ પઢવા લઈ ગયા. પિતાનો આશય હતો કે પુત્રમાં બાળપણથી ધર્મના સંસ્કારોનું સિંચન થાય.

નમાઝ દરમ્યાન શેખ સાદી આજુબાજુના લોકોનું અવલોકન કરવા લાગ્યા. એમનું ધ્યાન નમાઝમાં ઓછું અને લોકોમાં વધુ હતું.

## ૧. શેખ સાદી




બહાર આવીને એમણે પિતાજીને કહ્યું, "અબ્બાજાન, કેવા છે આ લોકો ! ખૂણામાં બેઠેલા અમુક લોકો તો નમાઝ વખતે સૂઈ ગયા હતા."

આ સાંભળી પિતાજીએ કહ્યું, "બેટા, તું પણ એ લોકોની માફક ઊંઘી ગયો હોત તો ઘણું સારું થાત. એમના દોષ તો તેં ના જોયા હોત."

પિતાજીએ કહેલા એ શબ્દ શેખ સાદીના બાળ હૃદયમાં છપાઈ ગયા અને ત્યારથી તેઓ અન્યના દોષ તરફ દ્રષ્ટિ કરતા બંધ થઈ ગયા.

# ૨. હક પહેલા પથ્થરનો



એક વખતે ઈશુ પાસે લોકોનું ટોળું એક સ્ત્રીને ધક્કા મારતા, લાતો મારતા, ઢસળતા લઈ આવ્યું. પેલી સ્ત્રી બિચારી પોતાના ખુલ્લા વાળને બન્ને હાથમાં સમેટી એમાં મોઢું સંતાડી ઈશુ સામે ઊભી રહી. ટોળામાં પૂજારી લોકો પણ હતા.

એમણે ઈશુને કહ્યું, "આ બાઈ વ્યભિચાર કરતાં પકડાઈ ગઈ છે. મૂસાના ધારા મુજબ એના પર પથરા મારીને એને મારી નાખવાની સજા થવી જોઈએ. આ બાબતમાં તમારે કાંઈ કહેવાનું છે?"

ઈશુ તો જાણે કંઈ સાંભળ્યું જ ના હોય એમ નીચે જમીન તરફ મોઢું રાખીને બેઠા હતા.

પણ લોકોને તો તેમની પાસેથી જવાબ જોઈતો હતો. ખૂબ આગ્રહ કરવામાં આવ્યો ત્યારે સહેજ મોઢું ઊંચું કરીને ઈશુ બોલ્યા, "આ બાઈએ પાપ કર્યું છે, વાત સાચી. તમે એને પથરા ફેંકીને મારી નાખવાની વાત કરો છો તે પણ સાંભળ્યું. હવે મારે એટલું જ કહેવાનું છે કે તમારામાંથી જેણે ક્યારેય, મનથી પણ પાપ ના કર્યું હોય તે પહેલો પથ્થર મારે. ચાલો, કરો શરૂ."

કહીને ઈશુ પાછા નીચું મોઢું કરી ધરતી પર કાંઈક દોરવા માંડ્યા. થોડી પળો પસાર થયા બાદ ઈશુ માથું ઊંચું કરે છે તો ટોળું ગાયબ અને પેલી સ્ત્રી હજી તેમની તેમ એ જ સ્થળે માથું નીચું નમાવી ઊભી હતી. ઈશુ પેલી સ્ત્રીને સંબોધીને કહે છે, "બહેન, કેમ, ક્યાં ગયા બધા લોકો? કોઈએ તને પથરો ના માર્યો?"

સ્ત્રીએ જવાબ આપ્યો, "ના પ્રભુ, કોઈએ નહીં."

ઈશુએ ખૂબ કરુણાથી કહ્યું, "તો તું હવે તારા ઘરે પાછી જા. હું પણ તને સજા નથી કરતો અને જા, હવે ફરીથી પાપ કરીશ નહીં."

આમ ઈસુ ખ્રિસ્તે લોકોને બીજાના દોષ જોતાં પહેલાં પોતાના દોષ જોવાની સમજ આપી.



# મીઠી યાદેં

એક વાર જન્મજયંતિ વખતે દર્શનનો પ્રોગ્રામ હતો. લગભગ ૧૨૦૦ માણસો ભેગા થયા હશે. તે વખતે દર્શન કેવી રીતે થતા હતા કે બધા ફૂલના હાર લઈને જાય, નીરુમાને હાર પહેરાવે, પછી એમના પગે વિધિ કરે, નીરુમાની વિધિ પૂરી થાય એટલે નીરુમા એમને સામો હાર પહેરાવે અને મહાત્મા જાય. આમ એક મહાત્મા પાછળ ૪ થી ૫ મિનિટ જાય.

એક સેવાર્થી મહાત્મા આ દર્શનનું મેનેજમેન્ટ કરી રહ્યા હતા.

અચાનક લાઈનમાં એકદમ ધક્કામુક્કી થઈ. ધક્કામુક્કી કરનારા ૬૦ કે ૭૦ જણા હતા. અને બધાંને એવું હતું કે અમારે પહેલાં જવું છે. ધક્કામુક્કીમાં લાઈનમાં ઉભેલા ઘરડા મહાત્માઓ પડી જાય એવું હતું.

પેલા સેવાર્થી મહાત્માએ બધાંને શાંતિથી લાઈનમાં આવવા વિનંતી કરી, પણ કોઈએ સાંભળી નહીં અને ધક્કામુક્કી ચાલુ રહી. છેવટે એમણે માઈકમાં જાહેર કર્યું કે, પ્લીઝ, બધા લાઈનમાં, નંબર પ્રમાણે જ આવો. બધાના દર્શન થશે જ. ધક્કામુક્કી કરશો તો આપણે દર્શન બંધ કરાવી દઈશું.

થોડી વારમાં બધું એની મેળે સેટ થઈ ગયું. દર્શન પૂરા થઈ ગયા પછી એ સાંજે નીરુમાએ પેલા મહાત્માને બોલાવ્યા અને કડક રીતે કહ્યું, "તમને ખબર છે કે તમે આ શું કર્યું?"

પેલા ભાઈએ માથું હલાવી ના પાડી.

નીરુમા બોલ્યા, "દાદાનો નિયમ છે કે સત્સંગ માટે કે સત્સંગની કોઈ પણ પ્રવૃતિ માટે ક્યારેય નેગેટીવ ના હોવું જોઈએ. તમે બોલી જ કેમ શકો કે હું દર્શન બંધ કરાવી દઈશ. આજ સુધી અમે ક્યારેય નથી બોલ્યા કે આ દર્શન બંધ કરીશું કે આ સત્સંગ બંધ કરીશું, તો તમે કઈ રીતે બોલી શકો? આ કયો અહંકાર છે?"

પેલા ભાઈ આખા નરમ પડી ગયા. પછી નીરુમાએ વાત કરી કે એક વાર કચ્છમાં જ્ઞાનવિધિનું આયોજન હતું ત્યારે દાદાની તબિયત જરાય સારી નહોતી. એમનાથી જ્ઞાનવિધિ થઈ શકે એમ નહોતું. પણ દાદા કહે કે, મેં એક વખત પ્રોમિસ આપેલું કે જ્ઞાનવિધિ થઈને જ રહેશે, માટે કરશું જ. આ દાદાનો સિદ્ધાંત જ છે.

પછી નીરુમા કહે, આજ પછી ફરીથી ક્યારેય સત્સંગ માટે કે આવા દર્શન માટે આ વસ્તુ આવવી ના જ જોઈએ. ગમે તે થાય, કોઈપણ સંજોગો હોય, કોઈપણ પરિસ્થિતિ હોય, સત્સંગ ડીક્લેર થયો તો સત્સંગ થશે જ. દર્શન નક્કી થયા તો દર્શન થશે જ.

આમ નીરુમા જાણે પેલા ભાઈને અલ્ટીમેટ આપતા હોય એમ કહ્યું કે, ફરી આવું ક્યારેય થવું ના જોઈએ. તે પછી એ મહાત્મા કાયમ એ વાતનું ધ્યાન રાખવા લાગ્યા.

# Summer Camp 2019

## ૪ થી ૭ વર્ષના બાળકો
માટે યોજાયેલ સમરકેમ્પની ઝલક...

## અમદાવાદ









**પઝલના જવાબો :**

૧. જવાબ-૪ ડીઝાઈન
કેમ કે બાકી બધામાં બ્લુ રીંગ સૌથી પાછળ છે

૨. જવાબ-૩
કેમ કે બધા જ એક રંગવાળા બોક્સનો સરવાળો ૩૨ છે.

Akram Express

**April 2019**
**Year : 11, Issue : 8**
**Conti. Issue No.: 128**

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

# સુરત









<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં# હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.